# કોમનવેલ્થ ગેમ્સનો રંગારંગ કાર્યક્રમ સાથે આરંભ

ગ્લાસ્ગો, તા. ૨૪

વિશ્વભરના રમતપ્રેમીઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે કોમનવેલ્થ ગેમ્સની આજે વહેલી પરોઢે રોમાંચક, દિલધડક અને રંગારંગ કાર્યક્રમો વચ્ચે શરૂઆત થઈ હતી. હવે આગામી કેટલાક દિવસ સુધી રમતવીરો વચ્ચે જુદા જુદા ચન્દ્રક મેળવવા માટે ગળાકાપ સ્પર્ધા જોવા મળશે. ભારતીય ટીમ પણ શાનદાર દેખાવ કરવા સજ્જ દેખાઈ રહી છે. ૨૦માં કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સમારભને જોવા માટે ચાહકોમાં પહેલાથી જ ભારે ઉત્સુકતા હતી. મહારાની એલિઝાબેથ-૨ દ્વારા ખુબ શાનદાર રીતે સજાવાવામાં આવેલા સેલ્ટિક પાર્કમાં સ્કોટલેન્ડની ભવ્ય અને ઐતિહાસિક સંસ્કૃતિની ઝલક વચ્ચે કોમનવેલ્થ ગેમ્સ શરૂ કરવાની વિધિવત જાહેરાત કરતા મેદાન પર ઉપસ્થિત લોકો ઝુમી ઉઠ્યા હતા. મેદાન પર ૩૫૦૦૦થી પણ વધારે લોકો હાજર રહ્યા હતા. હવે કેટલાક દિવસ સુધી જોરદાર સ્પર્ધા અનેક રમતમાં જોવા મળનાર છે. ૭૧ દેશોના ૪૫૦૦ એથલીટો તેમના દેશના ગર્વને વધારવાના પ્રયાસ કરશે. ૧૭ જુદી જુદી રમતમાં આ ખેલાડીઓ એકબીજાને પડકાર ફેંકનાર છે. સ્કોટલેન્ડમાં હજુસુધીની આ સૌથી મોટી સ્પર્ધા છે. એલિઝાબેથે મુશ્કેલ સમયમાં એકસાથે રહેવા તમામ લોકોને અપીલ કરી હતી. રોમાંચક અને રંગારંગ કાર્યક્રમ વચ્ચે દુખની એક ઝલક પણ જોવા મળી હતી. મલેશિયાના વિમાન એમએચ-૧૭ને તોડી પાડવામાં આવ્યા બાદ તેમાં માર્યા ગયેલા ૨૯૮ લોકોને અંજલિ આપવામાં આવી હતી. ખુશીઓના સંગમ વચ્ચે માર્યા ગયેલા લોકોના માનમાં એક મિનિટનુ મૌન પાળવામાં આવ્યું હતુ. મલેશિયન ટીમ અડધા ધ્વજને ઝુંકાવીને મેદાનમાં ઉતરી હતી. સાથે સાથે ખેલાડીઓએ કાળી પટ્ટી પહેરેલી હતી. એલિઝાબેથે તૈયારીમાં ભૂમિકા અદા કરનાર તમામ લોકોને અભિનંદન આપ્યા હતા. રંગારંગ કાર્યક્રમ સેલ્ટિક મેદાન પર ત્રણ કલાક સુધી ચાલતા લોકો રોમાંચિત થઈ ગયા હતા. અનેક લોકો અને ટીમ દ્વારા પર્ફોર્મ કરીને તમામને રોમાંચિત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત સ્કોટલેન્ડના ઈતિહાસની ઝલક સાથે થઈ હતી. ખેલાડીઓના પરેડ માટે રંગારગ રસ્તા બનાવી દેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કોમનવેલ્થમાં ભાગ લઈ રહેલા તમામ ભારતીય એથ્લિટોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સારો દેખાવ કરવા માટે શુભેચ્છા આપી છે. કોમનવેલ્થ ગેમ્સ ત્રીજી વખત સ્કોટિસ શહેરમાં યોજાઈ રહી છે આને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ૨૮૮ દિવસ સુધી ૭૧ રાષ્ટ્રો મારફતે કોમનવેલ્થ ગેમ્સની બટન રિલે પસાર કરવામાં આવી હતી. ભારતીય ખેલાડીઓ ભારે આશાસ્પદ દેખાઈ રહ્યા છે. બેડમિંટન ખેલાડી જ્વાલા ગુટ્ટા પાસેથી સારા દેખાવની અપેક્ષા રહેલી છે. સ્કોટિસ શહેરના સેલ્ટિક પાર્ક ખાતે આજે ૧૨.૩૦ વાગે મોડેથી ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ આજે સ્વિમિંગ, બેડમિંટન, સાયકલિંગ, જિમ્નાસ્ટીક, ફિલ્ડ હોકી, ટેબલ ટેનિસ, નેટ બોલ, જુડો અને વેઈટ લિફ્ટિંગની સ્પર્ધા થશે. ભારતીય ખેલાડીઓને થાડોક દિવસ પહેલા જ ફટકો પડ્યો હતો. કારણ કે બેડમિંટન સ્ટાર સાયના નેહવાલ સ્પર્ધામાંથી ખસી ગઈ છે. એડિનબર્ગમાં બે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભુતકાળમાં કરવામાં આવ્યું છે. ભારત એવા રાષ્ટ્રો પૈકી એક રાષ્ટ્ર છે જેણે ૧૯૮૬માં એડિનબર્ગ ગેમ્સનો બહિષ્કાર કર્યો હતો.

## બોલીવુડના ગીતો સાથે ટીમ ઈન્ડિયાએ લીધી એન્ટ્રી

ગ્લાસ્ગો, તા. ૨૪

ગ્લાસ્ગોમાં સેલ્ટિક પાર્ક ખાતે ૩૫૦૦૦થી વધારે ચાહકોની હાજરીમાં કોમનવેલ્થ ગેમ્સની રંગારંગ શરૂઆત થઈ હતી. હમેંશાની જેમ જ આ વખતે પણ ઉદ્ઘાયન કાર્યક્રમમાં ભારતીય ખેલાડીઓ છવાયેલા રહ્યા હાતા. ભારતીય ટીમનુ નેતૃતવ કરવાનુ ગૌરવ ઓલિમ્પિકમાં રજત ચન્જાક જીતીને ઈતિહાસ સર્જનાર શુટર વિજય કુમારને મળ્યું હતુ. વર્ષ ૨૦૧૦માં ભારત કોમનવેલ્થ ગેમ્સના યજમાન દેશ તરીકે રહ્યું હતુ. જેથી પરેડમાં ભારતીય ટીમ જ સૌથી પહેલા મેદાનમાં ઉતરી હતી. યુનિસેફના ગ્લોબલ ગુડવિલ એમ્બેસેડર તરીકે રહેલા માસ્ટર બ્લાસ્ટર ખેલાડી સચિન તેન્ડુલકરની એક ઝલક પણ જોવા મળી હતી. સચિને ગરીબ અને અનાથ બાળકોના જીવન ધોરણને સુધારવા માટે વધુને વધુ પ્રમાણમાં દાન આપવા ઉપસ્થિત લોકો અને વિશ્વભરના લોકોને અપીલ કરી હતી. ભારતીય ખેલાડીઓ કાળા બ્લેઝર અને ગ્રે ટ્રાઉઝરમાં નજરે પડ્યા હાતા. જ્યારે મહિલા ખેલાડીઓ સાડીમાં કુબ આકર્ષક દેખાઈ રહી હતી. રંગારંગ કાર્યક્રમમાં બોલિવુડની ધુન જોવા મળી હતી. ટીમ મેદાનમાં ઉતરી ત્યારે નગાડા નગાડા અને પ્યાર દોની ધુન જોવા મળી હતી. ભારતીય ખેલાડીઓને થાડોક દિવસ પહેલા જ ફટકો પડ્યો હતો. કારણ કે બેડમિંટન સ્ટાર સાયના નેહવાલ સ્પર્ધામાંથી ખસી ગઈ છે. એડિનબર્ગમાં બે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભુતકાળમાં કરવામાં આવ્યું છે. ભારત એવા રાષ્ટ્રો પૈકી એક રાષ્ટ્ર છે જેણે ૧૯૮૬માં એડિનબર્ગ ગેમ્સનો બહિષ્કાર કર્યો હતો. ટોપ ત્રણમાં ભારત રહે તેવી શક્યતા છે. દિલ્હી ગેમ્સમાં ભારત ૧૦૧ ચંદ્રક સાથે બીજા સ્થાને રહ્યું હતું. આ વખતે પણ ભારતીય ટીમ કોમનવેલ્થ ગેમ્સમાં પ્રભુત્વ જમાવે તેવી શક્યતા છે.



# તેલંગણામાં સ્કુલ બસ ટ્રેન સાથે અથડાતા ૨૬ બાળકોના મોત

મેડક, તા. ૨૪

તેલંગણાના મેડક નજીક આજે સવારે એક સ્કુલી બસ ટ્રેન સાથે ટકરાઈ જતા ઓછામાં ઓચા ૨૬ બાળકોના મોત થઈ ગયા હતા અને અનેક બાળકોને નાની મોટી ઈજા થઈ હતી. બિન સત્તાવાર રીતે મોતનો આંકડો ૩૦ આપવામાં આવ્યો છે. ઘાયલ થયેલા સ્કુલી બાળકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. મુખ્યપ્રધાન ચન્દ્રશેખર રાવે તપાસનો આદેશ આપ્યો છે. સાથે સાથે આ બનાવ અંગે દુખ વ્યક્ત કર્યું છે. તુપરાનના કકાતિયા સ્કુલના વિદ્યાર્થીઓ અકસ્માતનો શિકાર થયા હતા. આ બનાવ સવારે ૯.૨૦ વાગે બન્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે આ કમકમાટી ભર્યો બનાવ બન્યો હતો. સુત્રોએ માહિતી આપતા કહ્યું હતુ કે કામા રેડ્ડીથી ૫૦ કિલોમીટરના અંતરે સ્થિત માનવરહિત રેલવે ક્રોસિંગ ખાતે આ બનાવ બન્યો હતો. બનાવની જાણ થયા બાદ તરત જ રેલવે અધિકારીઓ અને પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલ થયેલા સ્કુલી બાળકોને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયારે સમગ્ર અકસ્માતના મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. સુત્રોએ કહ્યું હતુ કે બસમાં અકસમાત વેળા આશરે ૫૦ વિદ્યાર્થીઓ હતા. તાજેતરમાં જ રેલવે બજેટ રજૂ કરતી વેળા રેલવે પ્રધાન સદાનંદ ગૌડાએ માનવ વગરના રેલવે ક્રોસિંગની વાત કરી હતી. તેમણે કહ્યુ હતું કે આવા ક્રોસિંગને તબક્કાવાર રીતે દુર કરવામાં આવશે. દેશમાં સૌથી વધુ રેલવે અકસ્માતો માનવવગરના રેલવે ક્રોસિંગ પર થાય છે. જેના કારણે ભારે ખુવારી થાય છે.




રેલવેની કેટલીક સમિતીઓ દ્વારા પણ સુચન કરવામાં આવ્યું છે કે રેલવે દ્વારા આવા માનવવગરના રેલવે ક્રોસિંગ દુર થવા જોઈએ. અત્રે નોંધનીય છે કે ભારતીય રેલવે ૩૦૩૪૮ લેવલ ક્રોસિંગ ધરાવે છે જે પૈકી ૧૧૫૬૩ માનવ રહિતના છે. દરેક માનવ રહિત રેલવે ક્રોસિંગનો વિસ્તારપૂર્વક ચકાસણી કરવામાં આવશે. બનાવ માટે ગામના લોકોએ રેલવે સત્તાવાળાઓને દોષિત ઠેરવ્યા છે. પરંતુ માતા-પિતા માને છે કે, વધારે પડતી ઝડપ અને બેદરકારીના કારણે બસ ડ્રાઈવર અના માટે જવાબદાર છે. રેલવે ટ્રેકનો પાર કરતીવેળા કોઈપણ ડ્રાઈવરને સાવચેતી રાખવી જરૂરી છે. સાક્ષીઓનું કહેવું છે કે, બસ ડ્રાઈવરે ઝડપથી આવી રહેલ ટ્રેન તરફ ધ્યાન આપ્યુ નહતું. ઘટના સ્થળે ચારેય બાજુ લોહીના ખાબોચ્યા નજરે પડ્યા હતા. કેટલાક બાળકોની ઓળખ પણ થઈ શકી નથી. તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ ઉપરાંત આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એનાચંદ્રબાબુ નાયડુ, વાયએસઆરસીપીના નેતા વાયએસ જગનમોહન રેડ્ડીએ બનાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય રેલવે મંત્રી સદાનંદ ગૌડાએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે. સાઉથ સેન્ટ્રલ રેલવેના સીપીઆરઓ કે સંભાશિવરાવે કહ્યું છે કે, ૨૫ વિદ્યાર્થીઓ અને બસ ડ્રાઈવર સહિત ૨૬ના મોત થયા છે. કેટલાક વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ છે. બનાવ બાદ સિકંદરાબાદ અને હૈદરાબાદથી રાહત ટ્રેનો રવાના કરાઈ હતી.

# બ્લેકબેરી સ્માર્ટ ફોન કિંમતમાં ૬૦૦૦ સુધીનો ઘટાડો કરાયો

નવી દિલ્હી, તા. ૨૪

મોબાઈલ બનાવતી કંપનીઓ વચ્ચે હાલમાં ચાલી રહેલી સ્પર્ધામાં ટકી રહેવા અને લોકોને વધુને વધુ આકર્ષિત કરવાના પ્રયાસરૂપે હવે કેનેડાની મહાકાય કંપની બ્લેકબેરીએ પોતાના સ્માર્ટફોનની કિંમતમાં ૬૦૦૦ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે. બ્લેકબેરીએ જે ફોનની કિંમતમાં ઘટાડો કર્યો છે તેમાં બ્લેકબેરી ૯૩૨૦, બ્લેકબેરી ૯૭૨૦ અને બ્લેકબેરી ક્યુ પાંચનો સમાવેશ થાય છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બ્લેકબેરી ૯૩૨૦ની કિંમતમાં ૧૦ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો કરવામાં આવ્યો છે. તેની કિંમત અગાઉ ૧૧૦૦૦ હતી. જે હવે ઘટીને ૯૯૦૦ થઈ ગઈ છે. ૯૩૨૦ પ્રથમ એવો થ્રીજી સ્માર્ટફોન છે જેની કિંમત ૧૦૦૦૦ કરતા ઓછી છે. સુત્રોએ કહ્યું છે કે બ્લેકબેરી ૯૭૨૦ની કિંમત આગાઉ ૧૫૯૯૦ હતી જે હવે ઘટીને ૧૧૯૯૦ થઈ ગઈ છે.



આવી જ રીતે ક્યુ પાંચની કિંમત અગાઉ ૧૯૯૯૦ હતી જે હવે ઘટીને ૧૩૯૯૦ થઈ ગઈ છે. તેની કિંમતમાં સૌથી વધાર ૩૦ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્લેકબેરીએ માર્કેટમાં સ્થાન જાળવી રાખવા માટે ખાસ ઓફર હેઠળ થોડાક સમય પહેલા જ તેના ઝેડ-૩૦ અને જેડ-૧૦ની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો હતો. મોબાઈલ બનાવતી અન્ય કંપનીઓ પણ વધારે મોંઘા ફોનની કિમત હવે ઘટાડી રહી છે. કારણ કે મધ્યમ કિંમતના ફોનની માંગ બજારમાં વધારે જોવા મળે છે. જેથી મોટા ભાગની કંપનીઓ મધ્યમ વર્ગને ધ્યાનમાં લઈને તેના ફોન બજારમાં ઉતારી રહી છે. બ્લેકબેરીને હાલમાં અનેક મહાકાય કંપનીઓ તરફથી પડકારરૂપ સ્થિતીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રકારની સ્થિતીમાં નુકસાન હોવા છતાં પણ પોતાની સ્થિતીને જાળવી રાખવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સ્થિતી વધારે જટિલ રહી શકે છે. હાલમાં સેમસંગે નોકિયા અને અન્યોને પછડાટ આપી છે.

**૨૫મી ઓગસ્ટના દિવસે વાતચીત યોજાશે**

# ભારત-પાક વિદેશ સચિવ સ્તરની ટૂંકમાં મંત્રણા થશે

નવી દિલ્હી, તા. ૨૪

વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની શપથવિધી માટે પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ આપવાના નિર્ણય બાદ હવે બન્ને દેશો મંત્રણાની દિશામાં પણ આગળ વધી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આગામી મહિને ભારત અને પાકિસ્તાનના વિદેશ સચિવ સ્તરની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. વિદેશ સચિવ સુજાતાસિંહ તેમના સમકક્ષ એજાઝ અહેમદ ચૌધરી સાથે વાતચીત કરવા માટે ઈસ્લામાબાદ જશે. આ વાતચીત ૨૫મી ઓગસ્ટના દિવસે યોજાય તેવી શક્યતા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ભાંગી પડેલી મંત્રણા પ્રક્રિયાને શરૂ કરવાના હેતુસર આ વાતચીત થનાર છે. જાન્યુઆરી ૨૦૧૩માં યુદ્ધ વિરામના ભંગ બાદથી બન્ને દેશો વચ્ચે વાતચીત ખોરવાઈ ગઈ છે. અલબત્ત ભારતે વિદેશ સચિવ સ્તરની વાતચીતને લઈને કેટલીક શરતો પણ મુકી છે. બીજી બાજુ પાકિસ્તાને સરહદ ઉપર યુદ્ધવિરામનો ભંગ જારી રાખ્યો છે. અંકુશ રેખા ઉપર ગોળીબાર પણ કર્યો છે. સત્તાવાર સુત્રોનું કહેવું છે કે, આ વાતચીતને બન્ને દેશો વચ્ચે રચનાત્મક પ્રક્રિયાની શરૂઆત તરીકે જોવી જોઈએ નહીં.

કારણકે, વાતચીતની પ્રક્રિયા શરૂ કરવામાં હજુ સમય લાગશે. નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ પ્રથમ વખત વિદેશ સ્તરની વાતચીત યોજાનાર છે. મોદી અને નવાઝ શરીફ વચ્ચે દિલ્હીમાં બેઠક યોજાયા બાદ હવે ફોન પર વાતચીતનો સિલસિલો ચાલી રહ્યો છે. બન્ને દેશોના વડાપ્રધાન વચ્ચે વાતચીતની શક્યતા પણ દેખાઈ રહી છે. વિદેશ સચિવ સ્તરની વાતચીતમાં દ્વિપક્ષીય સંબંધો ઉપરાંત વેપાર સંબંધો અને સરહદ ઉપર આતંકવાદી ગતિવિધીના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે.

## રેલવે અને સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈ અંગે ટૂંક સમયમાં નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૪

રેલવે અને સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈના મામલે પણ ટૂંક સમયમાં જ સરકાર નિર્ણય કરશે. સંબંધિત મંત્રાલયો પાસેથી પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. સીસીઈએની બેઠકમાં આજે વીમામાં ૪૯ ટકા એફડીઆઈને મંજુરી અપાઈ હતી. પરંતુ રેલવે અને સંરક્ષણમાં એફડીઆઈને લઈને કેબીનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે. અંતિમ ચર્ચાની પ્રક્રિયા ચાલી રહી છે. અંતિમ પ્રતિક્રિયા મળી ગયા બાદ નિર્ણય લેવામાં આવશે. સંવેદનશીલ સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદા ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવાની હિલચાલ છે. રેલવે હાલમાં ૨૬ હજાર કરોડની રોકડ કટોકટીનો સામનો કરે છે.



હાલ આરબ દેશો ખૂબ જ તણાવ ભરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. એક તરફ ઈરાકમાં બળવાખોરોએ સંકટ ઉભુ કર્યું છે તો બીજી તરફ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનની જુની અદાવતને કારણે અત્યારે ફરી અથડાણ ચાલુ થઈ છે. ગાઝા પટ્ટીમાં ચાલી રહેલી આ અથડામણમાં ઘાયલ સૈનિકોને લેવા માટે ઈઝરાયેલના હેલિકોપ્ટરે બોર્ડર નજીક જ લેન્ડ કર્યું હતું.

### મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

આજે પતિથી અલગ થઈને ઘણી પત્નીઓ સમાજમાં જીવે છે. પતિ સાથે છૂટાછેડા લીધેલ એકાકી પત્નીઓને એક વખત મળવું જોઈએ. પછીના જીવનની તકલીફો, સામાજિક ઈજ્જત અને એકાકીપણા વિશે ઊંચાણપૂર્વક વિચારવું જોઈએ. આ બધું આખી જિંદગી સહન કરવું એના કરતા પતિને, એના વિચારોને, સ્વભાવને, સપનાઓને, સમજીને સ્વીકારીને એની સાથે, મિત્રો સાથે પ્રેમપૂર્વક વાણી-વર્તન વ્યવહાર રાખવામાં આવે તો આપણો પતિ આપણને જરૂર પ્રેમ કરશે જ.

જગતની પ્રત્યેક પત્નીઓએ એક વાત ખાસ સમજી લેવા જેવી છે કે બાહ્ય સુંદરતાથી પોતાના પતિને થોડા સમય માટે વશ કરી શકાશે બાકી આખી જિંદગી સુમેળ રાખવા માટે તો સારા સ્વભાવની જ જરૂર પડે છે. આપણી સારી-શ્રેષ્ઠ સુંદરતા અન્ય પુરુષોના મનને પણ બગાડે છે, જ્યારે ઉત્તમ સ્વભાવ આપણા પુરુષને-પરિવારને ગૌરવ અપાવે છે.

મારી દૃષ્ટિએ તો દામ્પત્ય જીવનના મોટા ભાગના ઝગડાઓ પત્નીની અસમજણ શક્તિને કારણે થતા હોય છે. બાકી પ્રત્યેક સ્ત્રીમાં સૂર્ય જેટલી ઊર્જા છે એ ધારે તો ગમે તેવા પુરુષને સુધારી શકા છે, પરંતુ એ માટે પોતાનામાં 'સત્ત્વ' હોવું જોઈએ, ઉદાત્ત ભાવના, ઉચ્ચ વિચારો હોવા જોઈએ, ત્યાગ-સમર્પણની ભાવના હોવી જોઈએ.

સ્ત્રીઓએ એક વાત યાદ રાખવી જોઈએ કે ભારતીય સંસ્કૃતિ પુરુષ પ્રધાન છે. બજારમાં, બસમાં, ટ્રેનમાં, સિનેમામાં, ઑફિસોમાં, નોકરી-ધંધામાં કે જાહેર જીવનના પ્રત્યેક માધ્યમમાં ૮૦% પુરુષોની હાજરી હશે, એ જ બતાવે છે કે પુરુષોનું આધિપત્ય છે. વળી, પુરુષોનું આધિપત્ય સ્વીકારવાથી ગૌરવ તો સ્ત્રીનું જ વધે છે. આ આધિપત્યમાં ગુલામી નહીં ત્યાગ-સેવા અને સમર્પણ અને પ્રેરણાના મહાન ગુણો મળેલા છે.

આજે મહિલા હિત માટે ઘડાતા કાયદાથી, ટી.વી. સિરીયલોથી પારિવારિક ભાવના ખતમ થઈ રહી છે. સ્ત્રીઓએ છૂટાછેડાનો ભોગ બનવું પડે છે.

નદી ગમે તેટલી વિશાળ હોય, નિર્મળ હોય, પવિત્ર હોય, મહાન હોય છતાંય એને ખારા દરિયામાં જ ભળવું પડે છે, સમાવું પડે છે. આટલું સત્ય જો સ્ત્રીઓ, પત્નીઓ સમજશે તો પત્નીની ભૂમિકા ભજવવી સહેજેય અઘરી નથી.

### રમતગમત (પાના નં. ૪ નું ચાલુ)

આ બંને કિસ્સાઓમાં કોઈને કોઈ કારણસર આ બંને રમતવીરોએ રમતને તો આખરે છોડવી જ પડી છે અને જે ખેલાડી રમતમાં લાંબા ગાળા સધી જોડાયેલો રહ્યો તે જીવનમાં પાછળ રહી ગયો છે. આવા રમત માટે પોતાના મહામૂલ્ય શાળાકીય જીવનનો ભોગ આપનાર ખેલાડીઓ માટે રાજય સરકાર દ્વારા કોઈ આયોજન ન થવાના કારણે જુનીયર અને સબજુનીયર સ્પર્ધાઓમાં સારો દેખાવ કરતું ગુજરાત સિનિયર સ્પર્ધાઓમાં હંમેશા સામાન્ય દેખાવ કરે છે. જો ગુજરાત સરકારે ઓલમ્પિક રમતોત્સવ, વર્લ્ડકપ, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ, સહિતની અન્ય અંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ તથા નેશનલ ગેમ્સ સહિતની રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મેડલ મેળવવા માટે ખેલાડી વધુ લાંબા સમય સુધી રમતક્ષેત્રે ખેલાડી તરીકે જ જોડાયેલો રહે તે બાબતે વિચારવાની અને ઠોસ કામગીરી કરવાની જરૂર છે. આ માટે લાંબા ગાળાનું આયોજન થવું જોઈએ અને લાંબા ગાળાના આયોજનનો ભાગ બનેલા રમતવીરો માટે જોબ ગેરંટી હોવી જોઈએ. જેથી આ ખેલાડીઓનું ભવિષ્ય ન બગડે અને ખેલાડી રમતમાં વધારે ધ્યાન કેન્દ્રીત કરી શકે. અહીં એ નોંધવું જરૂરી છે કે ગુજરાતમાં રમતવીર માટે નોકરીની કોઈ ગેરંટી કે તકો ન હોવાથી રમતવીરો લાંબા સમય સુધી ખેલાડી તરીકે ટકી શકતા નથી. ખેલાડી અને કોચ લાંબા સમય સુધી ટકી રહે તો જ લાંબા ગાળાનું આયોજન સફળ થઈ શકે. અને આ માટે કોચની નોકરી કાયમી હોવી જોઈએ અને ખેલાડીને જોબ ગેરંટી આપવી જરૂરી છે.

# એર અલ્જૈરીનું વિમાન ૧૧૬ યાત્રી સાથે ક્રેશ થયું




**બુર્કિના ફાસોના પાટનગર ઓગાડોગુના એરપોર્ટથી ૧૧૦ મુસાફરો અને ૬ ક્રુ મેમ્બરો એમ કુલ ૧૧૬ પ્રવાસીઓ સાથે ઉપડેલી એર અલ્જૈરની ફ્લાઈટ એએચ૫૦૧૭ ટેકઓફની ૫૦ મિનિટ પછી જ રડાર પરથી ગાયબ થઈ ગઈ હતી. ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝન નામની ચેનલના અહેવાલ પ્રમાણે આ ફ્લાઈટ વેસ્ટર્ન આફ્રિકામાં આવેલા નાઈઝરના પાટનગર નિઆમેયની આસપાસની કોઈ જગ્યાએ ક્રેશ થઈ ગઈ છે અને તમામ ૧૧૬ પ્રવાસીઓના મૃત્યુ થયા છે.**

## સમાચાર ઝલક

- તાઈવાનમાં વિમાન તૂટી પડતાં ૫૦ પ્રવાસીનાં મોત.
- ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી અપાઈ.
- અમરનાથ યાત્રા ઉપર હુમલાની દહેશત.
- ચંદ્ર ઉપરથી સમગ્ર વિશ્વ પર બાજ નજર રાખવા અમેરિકાની યોજના.
- ૧૪ રાજયોમાં અતિ ભારે વરસાદની ચેતવણી.
- ૧૭ વર્ષના યુવાનના મોઢામાં ૨૩૨ દાંત હતા. તબીબો દાંત કાઢવામાં સફળ રહ્યા. ૬ કલાક ઓપરેશન ચાલ્યું.
- ઘરેલુ હિંસા કાયદામાં 'સાસુ'ને પણ રક્ષણ અપાવું જોઈએ-મહિલા બાળ કલ્યાણ પ્રધાન મેનકા ગાંધી.
- ગુગલની કમાન ત્રણ ભારતીય એન્જિનિયરોના હાથમાં-અમિત સિંઘ, સુંદર પીચાઈ, શ્રીધર રામાસ્વામી.
- બંગાળી રીત-રિવાજથી લગ્ન કરશે બિપાશા બાસુ.
- વઢવાણમાં કાચબાને મોત ઉતારી મીજબાની માણતા હોવાની શિકારીઓની કબુલાત.
- હિમાલયના વિકાસ માટે અલગ કેન્દ્રીય મંત્રાલય બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો અણસાર.
- જમ્મુ-કાશ્મીર ચૂંટણી માટે ભાજપનું મિશન-૪૪ શરૂ.
- બોલીવુડની બ્યુટી કીવીન ઐશ્વર્યા રાય બચ્ચન વાસુની આગામી ફિલ્મમાં ચમકશે.
- રેલવેની ૫૦૦ કિલોમીટરથી ઓછી મુસાફરીમાં ૮૦ ટકા ભાવવધારો.
- વિશ્વમાં સૌથી ઓછું ઘરકામ કરતા ભારતીય પુરૂષો. માત્ર ૧૯ મિનિટ ફાળવે છે-સર્વેનું તારણ.
- ધારાસભા-લોકસભાની ચૂંટણીમાં ઓનલાઈન મતદાન સુવિધાનો ગુજરાત મોડલનો અભ્યાસ.